# લોકરક્ષક ભરતી બોર્ડ-૨૦૨૧ અંતર્ગત વારંવાર પૂછાતા પ્રશ્નો અને તેના જવાબો

(આ માહિતી ફકત ઉમેદવારોને ઓનલાઇન અરજી કરતી વખતે મુંજવતા પ્રશ્નોના માર્ગદર્શન માટે જ છે. સરકારશ્રી/ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર દર્શાવેલ ઠરાવો/સૂચનાઓ આખરી ગણાશે)

(૧) કયા કયા સંવર્ગમાં ભરતી થનાર છે?

જવાબઃ લોકરક્ષક ભરતી બોર્ડ ધ્વારા નીચે જણાવેલ સંવર્ગમાં ભરતી થનાર છે.

(૧) બિન હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (ULRD)

(૨) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-લોકરક્ષક (ALRD)

(૩) એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ (SRPF)

(૨) મહિલાની અલગથી ભરતી થનાર છે?

જવાબઃ "ના" મહિલાની સરકારશ્રી ધ્વારા ૩૩% અનામતની જોગવાઇ કરેલ હોવાથી ઉપર જણાવેલ સંવર્ગમાં ભરતી કરવામાં આવનાર છે. (ફકત એસ.આર.પી.એફ કોન્સ્ટેબલ (SRPF) સંવર્ગમાં મહિલાની ભરતી થનાર નથી.)

(૩) લોકરક્ષક ભરતી બોર્ડ ધ્વારા કુલ કેટલી જગ્યાઓ ભરવાની થાય છે?

જવાબઃ કુલ-૧૦૪૫૯ (વધુ માહિતી માટે ભરતી બોર્ડની તા.૨૩/૧૦/૨૦૨૧ની જાહેરાત વાંચી લેવી.)

(૪) વય મર્યાદા કયા દિવસે ગણવાની રહેશે?

જવાબઃ તા. ૦૯/૧૧/૨૦૨૧ નારોજ ગણવાની રહેશે.

(૫) શૈક્ષણિક લાયકાત કયા દિવસે ગણવી?

જવાબઃ તા. ૦૯/૧૧/૨૦૨૧ નારોજ ગણવાની રહેશે.

(૬) વધારાની લાયકાત જેવી કે રમત-ગમત અંગેના સર્ટીફિકેટ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી/ રક્ષા શકિત યુનિવર્સિટી સર્ટીફિકેટ, NCC "C" સર્ટીફિકેટ અને વિધવા સર્ટીફિકેટ ની લાયકાત કયા દિવસે ગણવી?

જવાબઃ તા. ૦૯/૧૧/૨૦૨૧ નારોજ વધારાની લાયકાતનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ.

(૭) ધોરણ-૧૨ પાસ સમકક્ષ કઇ લાયકાત ગણી શકાય?

જવાબઃ ધોરણ-૧૦ પછી ત્રણ વર્ષનો ડિપ્લોમા કરેલ હોય તે ધોરણ-૧૨ ની લાયકાત ધરાવે છે, તેમ ગણાશે. ગુજરાત સરકારશ્રી ધ્વારા માન્ય કરેલ હોય તે પરિપત્ર નં.રવભ-૧૦૨૦૧૧-યુ.ઓ.૧૯૦.ક ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે.

(૮) ૩ વર્ષનો ડિપ્લોમાં કોર્સ કરેલ હોય તો ચાલે?

જવાબઃ જે ઉમેદવારે ધોરણ-૧૦ પછી પોલીટેકનીકમાં ત્રણ વર્ષનો ડિપ્લોમાનો કોર્ષ પાસ કરેલ હોય તેવા ઉમેદવારોને ધોરણ-૧૨ ની લાયકાત ધરાવતાં ગણવામાં આવશે. તેઓએ ધોરણ-૧૦ પછી ડિપ્લોમા પાસ કર્યાનું પ્રમાણપત્ર દસ્તાવેજ ચકાસણી વખતે રજૂ કરવાનું રહેશે.

(૯) શાળા છોડયાનું પ્રમાણપત્ર ગુમ થયેલ છે તો ડુપ્લીકેટ ચાલે?

જવાબઃ મૂળ પ્રમાણપત્ર ઇશ્યૂ કરનાર સત્તા ધ્વારા ઇશ્યૂ કરવામાં આવેલ તમામ ડુપ્લીકેટ પ્રમાણપત્રો માન્ય ગણાશે.

(૧૦) વય મર્યાદા કેટલી હશે?

જવાબઃ જાહેરાતમાં જણાવ્યા મુજબ,

- સામાન્ય પુરૂષ ઉમેદવારો માટે ઓછામાં ઓછા ૧૮ વર્ષ અને વધુમાં વધુ ૩૪ વર્ષ સુધી.
- સામાન્ય મહિલા ઉમેદવારોને ૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે
- SC, ST, SEBC, EWS પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે
- SC, ST, SEBC, EWS મહિલા ઉમેદવારો માટે ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે
- રમતગમતનું માન્ય પ્રમાણપત્ર ધરાવનાર સામાન્ય પુરૂષ ઉમેદવારને ૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે
- રમતગમતનું માન્ય પ્રમાણપત્ર ધરાવનાર સામાન્ય મહિલા ઉમેદવારને ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે
- રમતગમતનું માન્ય પ્રમાણપત્ર ધરાવનાર અનામત વર્ગનાં પુરૂષ ઉમેદવારને ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે
- રમતગમતનું માન્ય પ્રમાણપત્ર ધરાવનાર અનામત વર્ગની મહિલા ઉમેદવારને ૧૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે
- માજી સૈનિક માટે **સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ GS/2018-(2)-RES-1085-3433-G2માં જણાવ્યા** મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે (ઠરાવ ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે)

  ઉપરોકત તમામ છુટછાટ મળ્યા બાદ (માજી સૈનિક સિવાય) ઉપલી વય મર્યાદા ૪૫ વર્ષથી વધવી જોઇએ નહીં.

(૧૧) NCC "C" સર્ટીફિકેટના શું લાભ મળે?

જવાબઃ માન્ય NCC "C" સર્ટીફિકેટ ધરાવનાર ઉમેદવારને વધારાના ૨ (બે) ગુણ મળી આપવામાં આવે છે.

(૧૨) રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી / રક્ષા શકિત યુનિવર્સિટીના પ્રમાણપત્ર મેળવનારને શું લાભ મળે?

જવાબઃ માન્ય સર્ટીફિકેટ ધરાવનાર ઉમેદવારને નીચે મુજબ વધુ ગુણ આપવામાં આવે છે.

ડીસ્ટીન્કશન – ૫ (પાંચ) ગુણ

ફર્સ્ટ ક્લાસ – ૪ (ચાર) ગુણ

સેકન્ડ ક્લાસ– ૩ (ત્રણ) ગુણ

પાસ ક્લાસ – ૨ (બે) ગુણ

(૧૩) વિધવા મહિલા ઉમેદવારોને કોઇ લાભ મળી શકે?

જવાબઃ વિધવા મહિલા ઉમેદવારોને નિયમોનુસાર પરીક્ષામાં મેળવેલ ગુણના ૫% વધારાના ગુણનો લાભ મળી શકે. દસ્તાવેજ ચકાસણી વખતે પૂનઃલગ્ન કરેલ ન હોવાનો પૂરાવો રજુ કરવાનો રહેશે.

(૧૪) રમત-ગમત ક્ષેત્રે સર્ટીફિકેટ ધરાવનારને કોઇ લાભ મળી શકે?

જવાબઃ રમત-ગમત ક્ષેત્રે ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર આપેલ સુચનાઓમાં જણાવ્યા મુજબ માન્ય કરેલ રમતોનાં સર્ટીફિકેટ ધરાવતા હોય તો જ નિયમોનુસાર ઉંમરમાં છુટછાટ તથા પરીક્ષામાં મેળવેલ ગુણના ૫% વધારાના ગુણનો લાભ મળી શકે.

(૧૫) કઇ કઇ રમતોમાં વધારાનાં ગુણ મળે છે?

જવાબઃ વેબસાઇટ ઉપર આપેલ સુચનાઓમાં જણાવ્યા મુજબ નિયમ મુજબ નીચે જણાવેલ મુજબની રમતોમાં વધારાનાં ગુણ મળવાપાત્ર છે.

| | | | |
|---|---|---|---|
| 1 | Athletic (એથ્લેટીક) ટ્રેક અને | 14 | Cycling (સાયકલીંગ) |
| 2 | Badminton (બેડમિન્ટન) | 15 | Gymnastic (જીમ્નેસ્ટીક) |
| 3 | Basket Ball (બાસ્કેટ બોલ) | 16 | Judo (જુડો) |
| 4 | Cricket (ક્રિકેટ) | 17 | Rifle Shooting (રાઇફલ શૂટીંગ) |
| 5 | Football (ફુટબોલ) | 18 | Kabbadi (કબ્બડી) |
| 6 | Hockey (હોકી) | 19 | Kho-kho (ખોખો) |
| 7 | Swimming (સ્વીમીંગ) | 20 | Archery (તિરંદાજી) |
| 8 | Table Tennis (ટેબલ ટેનીસ) | 21 | Horse Riding (ઘોડેશ્વારી) |
| 9 | Volleyball (વોલીબોલ) | 22 | Gola Fenk (ગોળા ફેંક) |
| 10 | Tennis (ટેનીસ) | 23 | Boat Competition (નૌકા સ્પર્ધા) |
| 11 | Weight Lifting (વેઇટ લીફ્ટીંગ) | 24 | Chess (શતરંજ) |
| 12 | Reselling (રેસલીંગ) | 25 | Handball (હેન્ડબોલ) |
| 13 | Boxing (બોકસીંગ) | | |

(૧૬) મહિલાઓ કઇ કઇ જગ્યાઓ માટે અરજી કરી શકશે?

જવાબઃમહિલાઓ એસ.આર.પી.એફ કોન્સ્ટેબલ (SRPF) સિવાય તમામ જગ્યાઓ માટે અરજી કરી શકશે.

(૧૭) કેટલી સર્વિસવાળા માજી સૈનિકોને લાભ આપવામાં આવે છે?

જવાબઃમાજી સૈનિકોના નિયમ મુજબ માજી સૈનિકોને લાભ મળવાપાત્ર રહેશે.

(નિયમ ભરતી બોર્ડની lrdgujarat2021.in વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે)

(૧૮) માજી સૈનિક તરીકે અરજી કોણ કરી શકે?

જવાબઃઆર્મી / નેવી / એર ફોર્સમાંથી નિવૃત્ત થયેલ હોય તે જ માજી સૈનિક તરીકે અરજી કરી શકે. (BSF/CRPF/પેરામીલેટ્રી ફોર્સના નિવૃત્ત કર્મચારી અરજી કરી શકે નહીં.)

(૧૯) શારીરીક અપંગતા (ખોડખાપણ) માટે કેટલી જગ્યા અનામત છે?

જવાબઃકોઇ જગ્યા અનામત નથી.

(૨૦) CCC કોમ્પ્યુટરનું સર્ટીફિકેટ ન હોય તો અરજી કરી શકાય?

જવાબઃ હા, પરંતુ દસ્તાવેજ ચકાસણી વખતે રાજય સરકારશ્રીના પરિપત્ર મુજબ કોઇપણ સંસ્થાનું કોમ્પ્યુટર વિષયની જાણકારી (Computer Basic Knowledge) અંગેનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જરૂરી છે.

(૨૧) SEBC માટે નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ રજુ કરવાનું છે?

જવાબઃ હા, SEBC માટે નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ નંબર / તારીખ લખવી ફરજીયાત છે અને વેબ સાઇટ પર મૂકેલ સુચનાઓમાં જણાવ્યા મુજબ નોન-ક્રિમીલેયર સર્ટી ૩ (ત્રણ) નાણાકીય વર્ષ (૨૦૧૯-૨૦૨૦, ૨૦૨૦-૨૦૨૧, ૨૦૨૧-૨૦૨૨) માટે માન્ય ગણાય એટલે કે તા.૦૧/૦૪/૨૦૧૯ અથવા ત્યાર બાદ અને ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ એટલે કે ૦૯/૧૧/૨૦૨૧ સુધીમાં કઢાવેલ નોન-ક્રિમીલેયર સર્ટી માન્ય ગણાય અન્યથા અનામતના લાભ મળશે નહીં.

તા.૦૧/૦૪/૨૦૧૯ પહેલા કઢાવેલ નોન-ક્રિમીલેયર સર્ટી માન્ય ગણાય નહીં.

(૨૨) EWS માટે કયુ સર્ટીફિકેટ રજુ કરવાનું છે?

જવાબઃEWS (આર્થિક રીતે નબળા વર્ગ) માટે ગુજરાત સરકાર દ્વારા ઇશ્યુ થયેલ હોય તેવુ પાત્રતા પ્રમાણપત્ર માન્ય ગણાય અને તેની સમયમર્યાદા ઇશ્યુ થયા તારીખથી ૩ વર્ષ માટે માન્ય ગણાય છે તેથી તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૦૯/૧૧/૨૦૨૧ સુધીમાં ઇશ્યુ કરવામાં આવેલ પાત્રતા પ્રમાણપત્ર માન્ય ગણાય. અરજીમાં સર્ટીફિકેટ નંબર / તારીખ લખવી ફરજીયાત છે અન્યથા અનામતના લાભ મળશે નહીં.

(૨૩) કઇ તારીખના EWS પાત્રતા પ્રમાણપત્ર માટે બાહેંધરી આપવાની છે?

જવાબઃ તા.૨૫/૦૧/૨૦૧૯ થી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ઇશ્યુ થયેલ પાત્રતા પ્રમાણપત્ર માટે દસ્તાવેજ ચકાસણી સમયે બાહેંધરી આપવાની રહેશે. બાહેંધરી ફોર્મનો નમૂનો ભરતી બોર્ડની lrdgujarat2021.in વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ ઠરાવ સાથે છે. તા.૧૨/૦૯/૨૦૧૯ બાદ ઇશ્યુ થયેલ પાત્રતા પ્રમાણપત્ર માટે બાહેંધરી ફોર્મની જરૂર નથી.

(૨૪) અરજી કયાં સુધી સ્વીકારાશે?

જવાબઃઅરજી તા.૦૯/૧૧/૨૦૨૧ નારોજ રાત્રિના કલાકઃ ૧૧.૫૯ મીનીટ સુધી સ્વીકારવામાં આવશે ત્યારબાદ કોઇ ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવશે નહીં.

(૨૫) ફી કેટલી ભરવાની રહેશે?

જવાબઃફકત જનરલ ઉમેદવારો (પુરૂષ/મહિલા) એ રૂ. ૧૦૦ + (પોસ્ટ ઓફિસ ચાર્જીસ રૂ.૧૨/- મળી કુલ રૂ. ૧૧૨/- અથવા ઓનલાઇન હોય તો રૂ. ૧૦૦ + બેંકએ નકકી કરેલ ચાર્જીસ રૂ.૫.૯૦/- મળી કુલ રૂ. ૧૦૫.૯૦/- ભરવાના રહેશે. UPI થી ચુકવણી કરવામાં આવે તો કોઇ સર્વિસ ચાર્જ લાગશે નહીં.

(૨૬) અરજી રૂબરૂ, ફેકસ ધ્વારા કે પોસ્ટ ધ્વારા ભરતી બોર્ડને મોકલી શકાશે?

જવાબઃના, અરજી ફકત ઓનલાઇન જ સ્વીકારવામાં આવશે.

(૨૭) અરજી માટેની ફી કયાં સુધી અને કયાં ચુકવવી?

જવાબઃઅરજી માટેની ફી તા. ૧૨/૧૧/૨૦૨૧ નારોજ પોસ્ટ ઓફિસ બંધ થાય ત્યાં સુધી અને તમારી નજીકની કોઇપણ પોસ્ટ ઓફિસ ખાતે જ ભરી શકાશે અને ઓનલાઇન ફી તા.૧૨/૧૧/૨૦૨૧ ના રોજ રાત્રિ કલાકઃ ૧૧.૫૯ સુધી જ ભરી શકાશે.

(૨૮) ભરતીને લગતા ઠરાવો / પરીપત્રો જોવા હોય તો કયાં જોવા મળશે?

જવાબઃજાહેરાતમાં દર્શાવેલ ઠરાવો / પરીપત્રો સરકારશ્રીના ગૃહવિભાગની વેબ સાઇટ http://home.gujarat.gov.in ઉપર તેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબ સાઇટ http://gad.gujarat.gov.in ઉપર તેમજ ભરતી બોર્ડની lrdgujarat2021.in વેબસાઇટ ઉપર "ભરતીના નિયમો" માં જોવા મળશે.

(૨૯) પુરૂષ ઉમેદવારો માટે ઉંચાઇ, છાતી અને વજન કેટલુ છે?

જવાબઃ શારીરીક ક્ષમતા કસોટી દરમ્યાન ઉંચાઇ, છાતી, વજનની નીચે મુજબ માપણી કરવામાં આવશે

| વર્ગ | ઉંચાઇ (સે.મી.) | છાતી (સે.મી.) | | વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| | | ફુલાવ્યા વગરની | ફુલાવેલી* | |
| મૂળ ગુજરાતના અનુસુચિત જન જાતિના ઉમેદવારો માટે | ૧૬૨ | ૭૯ | ૮૪ | ૫૦ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૬૫ | ૭૯ | ૮૪ | ૫૦ |

(૩૦) મહિલા ઉમેદવારો માટે ઉંચાઇ અને વજન કેટલુ છે?

જવાબઃ શારીરીક ક્ષમતા કસોટી દરમ્યાન ઉંચાઇ, વજનની નીચે મુજબ માપણી કરવામાં આવશે

| વર્ગ | ઉંચાઇ (સે.મી. માં) | વજન (કિ.ગ્રા. માં) |
|---|---|---|
| મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે | ૧૫૦ | ૪૦ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૫૫ | ૪૦ |

(૩૧) શારીરીક ક્ષમતા કસોટી (દોડ)માં માર્કનું પ્રમાણ કેવી રીતે નકકી કરેલ છે?

જવાબઃ ભરતી બોર્ડની તા.૨૩/૧૦/૨૦૨૧ની જાહેરાતમાં વિગતવારની સુચનાઓમાં મૂકવામાં આવેલ છે.

(૩૨) આ ભરતી માટે સૌ પ્રથમ કઇ કસોટી લેવામાં આવશે?

જવાબઃ આ ભરતી માટે પ્રથમ શારીરીક ક્ષમતા કસોટી (PET) અને શારીરીક માપ કસોટી (PST) લેવામાં આવશે

(૩૩) શારીરી કસોટી બાદ કઇ પરીક્ષા લેવામાં આવશે?

જવાબઃ શારીરીક ક્ષમતા કસોટી અને શારીરીક માપ કસોટીમાં ઉતીર્ણ થનાર ઉમેદવારોને લેખિત પરીક્ષામાં બોલાવવામાં આવશે.

(૩૪) આ પરીક્ષામાં માઇનસ (નેગેટીવ) પધ્ધતિ અમલમાં છે?

જવાબઃ હા, જો એકપણ વિકલ્પ પસંદ નહી કરે તો અથવા એક કરતા વધુ વિકલ્પ પસંદ કરશે તો અથવા સફેદ શાહીનો ઉપયોગ કરશે અથવા ખોટા જવાબ માટે ૦.૨૫ ગુણ નેગેટીવ મળશે. (ભરતી બોર્ડની lrdgujarat2021.in વેબસાઇટ ઉપર તા.૨૩/૧૦/૨૦૨૧ની જાહેરાતમાં વિગતવારની સુચનાઓમાં મૂકવામાં આવેલ છે)

(૩૫) આ પરીક્ષાનું માધ્યમ કયુ રાખવામાં આવશે?

જવાબઃ લેખિત પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

(૩૬) આ ભરતી માટે કઇ કઇ ભાષનું જ્ઞાન જરૂરી છે?

જવાબઃ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને

(૩૭) આ પરીક્ષામાં કયાં કયાં વિષયનો સમાવેશ કરવામાં આવેલ છે.?

જવાબઃ લેખિત પરીક્ષા (Written Test) પ્રશ્નપત્રમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટર જ્ઞાન, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, સમાજ શાસ્ત્ર, માનસિક ક્ષમતા, વિજ્ઞાન તેમજ ભારતના બંધારણના પાયાના સિધ્ધાંતો, ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩, ભારતીય પૂરાવા અધિનિયમ-૧૮૭૨ને ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે.

(૩૮) કેટલા ટકા માર્કસ મેળવનાર ઉમેદવારને લેખિત પરીક્ષામાં કવોલીફાય ગણાશે?

જવાબઃઓછામાં ઓછા ૪૦% અને ત્યાર બાદ જાહેરાતમાં જણાવેલ સુચનાઓ પ્રમાણે મેરીટ યાદી તૈયાર કરવાની થાય.

(૩૯) અરજદારે કરેલ અરજીમાં ભુલો સુધારવામાં આવશે કે કેમ?

જવાબઃઅરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો પાછળથી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો અને ઉમેદવારની ખરેખર કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતોમાં તફાવત પડશે તો તે અંગે બોર્ડનો નિર્ણય આખરી રહેશે.

(૪૦) તમામ કેડર માટે મેરીટ યાદી એક જ બનાવવામાં આવશે કે કેમ?

જવાબઃસરકારશ્રીના નિયમો મુજબ બનાવવામાં આવશે

(૪૧) મહિલા ઉમેદવારો માટે વજન રાખવામાં આવેલ છે?

જવાબઃહા, તમામ મહિલા ઉમેદવારો માટે ૪૦ કિ.ગ્રા. વજન ઓછામાં ઓછુ હોવુ જોઇએ.

(૪૨) તમામ સંવર્ગમાં મૌખિક ઇન્ટરવ્યુ રાખેલ છે?

જવાબઃના

(૪૩) તમામ સંવર્ગમાં ફીકસ પગાર કેટલો છે?

જવાબઃપગાર અંગેની વિગતો માટે જાહેરાતમાં આપેલ સુચનાઓ ભરતી બોર્ડની lrdgujarat2021.in વેબસાઇટ ઉપર જોઇ લેવી.

(૪૪) પોસ્ટ ઓફિસ ખાતે / ઓનલાઇન ફી ભરી છે પરંતુ મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ નથી આવ્યો તો શું કરવુ?

જવાબઃ ઓનલાઇન અથવા પોસ્ટ ઓફીસ ખાતે પરીક્ષા ફી ભર્યા બાદ ૨૪ કલાકની અંદર જો આપના મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ ન આવે તો ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી ભરેલ છે તે જ પોસ્ટ ઓફીસનો અથવા જો ઓનલાઇન ફી ભરેલ હોય તો જે તે બેંક/બ્રાન્ચનો સંપર્ક કરવાનો રહેશે અને તેઓ માફરતે આગળની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૪૫) દૈનિક પેપરમાં આવેલ જાહેરાતમાં તમામ વિગતો નથી આપી તો શું કરવુ?

જવાબઃ તમામ વિગતો જોવા માટે OJAS અથવા ભરતી બોર્ડની lrdgujarat2021.in વેબસાઇટ ઉપર જઇ પોલીસ ભરતી અંગેની સુચનાઓ જોઇ લેવાની રહેશે અથવા ભરતી બોર્ડની વેબસાઇટ ઉપર પણ માહીતી મૂકવામાં આવેલ છે.

(૪૬) એક કરતા વધારે અરજી થઇ ગઇ હોય તો શું કરવુ?

જવાબઃ એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં એકથી વધુ અરજી (Multiple Application) ના કિસ્સામાં સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ્દ થશે અને ભરેલ ફી ના નાણાં પરત મળશે નહીં.

(૪૭) ધો.૮ માં કોમ્પ્યુટર પરિચય નામનો વિષય હતો તો તે ચાલે?

જવાબઃ ના, ધો.૧૦ અથવા ધો.૧૨ માં કોમ્પ્યુટર એક વિષય તરીકે પાસ કરેલ હોય અથવા સરકાર માન્ય સંસ્થાનું કોમ્પ્યુટર અંગેનું બેઝીક જ્ઞાન ધરાવતા હોવા અંગેનું સર્ટી હોવુ જોઇએ.

ઓનલાઇન અરજી કરતી વખતે આવુ સર્ટી ના હોય તો પણ અરજી કરી શકે છે, નિમણુંક સમયે આવુ સર્ટી રજુ કરવાનું રહેશે.

(૪૮) મારે જમણા પગની એક આંગળી નથી, તો હુ અરજી કરી શકું?

જવાબઃ હા, પરંતુ નિમણુંક સમયે મેડીકલ ચકાસણી કરવામાં આવશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

(૪૯) ૪૦૦ મીટરના ૧૩ રાઉન્ડ =૫૨૦૦ મીટર થાય તો સમય ૫૦૦૦ મીટર મુજબ ગણાય કે ૫૨૦૦ મીટર મુજબ?

જવાબઃ ૫૦૦૦ મીટર મુજબ જ ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવે છે.

(૫૦) દોડ દરમ્યાન ડીજીટલ ઘડીયાળ બાંધી શકાય?

જવાબઃ ના, સાદી ઘડીયાળ બાંધી શકાય.

(૫૧) ચશ્માવાળા ઉમેદવાર અરજી કરી શકે?

જવાબઃ હા

(૫૨) PSI ભરતીમાં અનામત કેટેગરીમાં ફોર્મ ભરેલ છે તો LRD ભરતી માં જનરલ કેટેગરીમાં ફોર્મ ભરી શકાય?

જવાબઃ હા, પરંતુ, જો અનામત કેટેગરીનાં ઉમેદવાર જનરલ તરીકે ફોર્મ ભરશે તો તેઓને અનામતનો લાભ મળશે નહીં.

(૫૩) Cast સર્ટી કેટલા વર્ષ જુનુ ચાલે?

જવાબઃ સરકારશ્રીના ધારા-ધોરણ મુજબનું અને તા.૦૯/૧૧/૨૦૨૧ સુધીમાં ઇશ્યુ થયેલ હોય તે માન્ય ગણાય.

(૫૪) બીજા રાજયના ઉમેદવાર ફોર્મ ભરી શકે?

જવાબઃ હા, પરંતુ અન્ય રાજયના ઉમેદવારો જનરલ તરીકે જ ફોર્મ ભરી શકે.

(૫૫) દોડના ગુણ અને સમય LRDનો ધ્યાને લેવાશે કે PSIનો?

જવાબઃ જો ઉમેદવારે LRD અને PSI બન્ને માટે અરજી કરેલ હોય તો તે ઉમેદવાર જેટલા સમયમાં દોડ પુરી કરશે તે મુજબ તેને LRD અને PSI માટે અલગ-અલગ માર્કસ મળશે.

(૫૬) ડોમીસાઇલ સર્ટીની જરૂર હોય છે?

જવાબઃ ના

(૫૭) ધોરણ-૧૦ પાસ ઉપર આર્મીમાં ભરતી થયા હોય અને ધોરણ-૧૨ પાસ કરેલ ના હોય તો ચાલે?

જવાબઃ ધોરણ-૧૦ પાસ ઉપર આર્મીમાં ભરતી થયા હોય પરંતુ ૧૫ વર્ષની સેવા પૂર્ણ કરેલ હોય અને જેમની પાસે સ્પેશિયલ સર્ટીફીકેટ ઓફ એજયુકેશન હોય તેવા માજી સૈનિક તથા એરફોર્સ / નેવી ધ્વારા ઇશ્યૂ કરવામાં આવતું આવું પ્રમાણપત્ર LRDમાં અરજી કરી શકે છે.

(૫૮) LRD/PSIની શારિરીક કસોટી માટે વેક્સિનેશન જરૂરી છે?

જવાબઃ હાલમાં એવી કોઇ જરૂરિયાત નથી.

(૫૯) શૈક્ષણિક પ્રમાણપત્રોમાં નામમાં ફેર છે અને ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે તો નામ પ્રમાણપત્ર મુજબ ભરવાનું કે ગેઝેટ મુજબ?

જવાબઃ ગેઝેટ મુજબ, પરંતુ શૈક્ષણિક પ્રમાણપત્રોમાં નામમાં ફેર છે અને ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ નથી તો શાળા છોડયાના પ્રમાણપત્ર (L.C.) મુજબ નામ ઓનલાઇન અરજીમાં ભરવાનું રહેશે.

(૬૦) વિવાહિત મહિલાઓએ અરજીમાં પિતાનું નામ ભરે કે પતિનુ નામ?

જવાબઃ વિવાહિત મહિલાઓએ અરજીમાં પતિનું નામ ભરેલ હશે તો દસ્તાવેજ ચકાસણી સમયે મેરેજ સર્ટી રજુ કરવાનું રહેશે.

(૬૧) ઉત્તર બુનિયાદીમાં ધોરણ-૧૨ પાસ હોય તો ચાલે?

જવાબઃ હા

(૬૨) SEBCનો જાતિનો દાખલો અંગ્રેજીમાં હોય તો ચાલે?

જવાબઃ હા, પરંતુ તે ગુજરાત સરકાર દ્વારા ઇશ્યુ થયેલ હોવુ જોઇએ.

(૬3) National Institute of Open Schooling (NIOS) નું ધોરણ-૧૨ નું પ્રમાણપત્ર ચાલે?

જવાબઃ હા

(૬૪) ટેટૂ (છૂંદણા) છૂંદાવેલા હોય તો તેનો કઇ બાધ છે?

જવાબઃ ના

(૬૫) આધારકાર્ડ અને જાતિ અંગેના પ્રમાણપત્રમાં નામ જુદા જુદા હોય તો ચાલે ?

જવાબઃ શાળા છોડયાના પ્રમાણપત્ર તેમજ ધોરણ-૧૨ ના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો મુજબના નામ માન્ય ગણાશે. દસ્તાવેજ ચકાસણી વખતે આધારકાર્ડ ફરજિયાતપણે માંગવામાં આવતું નથી.

(૬૬) ધોરણ-૧૨ ના માર્કસ પ્રેકટીકલ સાથે લખવા કે કેમ?

જવાબઃ ઓનલાઇન અરજી કરતી વખતે ધોરણ-૧૨ ના માર્કસ પ્રેકટીકલ સાથે અથવા પ્રેકટીકલ વિના બંને રીતે લખી શકાશે.

**ભરતી બોર્ડની વેબસાઇટઃ https://lrdgujarat2021.in**